# લોજિસ્ટિક્સ એનાલિસ્ટ
## (માલસામાનના આવન-જાવન/પરિવહનનું વિશ્લેષણ અને દેખરેખ કરનાર)

લોજિસ્ટિક્સ એનાલિસ્ટ, કોઇ પણ ઉત્પાદન કે સેવાના સમગ્ર ઉત્પાદન જીવન ચક્ર માટે જવાબદાર હોય છે એટલે કે તે ઉત્પાદન માટે આવશ્યક સામગ્રીની ખરીદીથી શરૂ કરીને માલના વિતરણ સુધીની જવાબદારી સંભાળે છે. લોજિસ્ટિક્સ એનાલિસ્ટ તેમના મિશન અને લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કંપનીના સંચાલનને સુયોજીત કરે છે અને કંપનીની સંપત્તિનું મૂલ્યાંકન કરે છે. તેઓ ચલણ, પરિવહનની સ્થિતિ અને વિતરણ માટેના માર્ગોની ગતિવિધિને ટ્રેક કરે છે અને તેની સમીક્ષા કરીને સમગ્ર પ્રક્રિયાની દેખરેખ કરે છે.

### વ્યક્તિગત નિપુણતા

- તમે અન્ય લોકો સાથે વાતચીત કરવામા સહજ છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૧,૦૦૦ થી ૩૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

### શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

### લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

### પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (વાણિજ્ય પ્રવાહ ઇચ્છનિય છે.)

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/બિઝનેસ મેનેજમેન્ટ અથવા અર્થશાસ્ત્રમાં સ્નાતક (બી.બી.એ./બી..બી.એમ.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, સપ્લાય ચેઇન મેનેજમેન્ટ(પુરવઠા શ્રૃંખલા વ્યવસ્થાપન)માં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

### અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

લોજિસ્ટિક્સ એનાલિસ્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૮,૦૦૦ થી ૮૩,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Logistics_Analyst/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉત્પાદન એકમો, ખાનગી અને જાહેર ઉત્પાદન કંપનીઓ, ઈ-કોમર્સ કંપનીઓ, કુરિયર કંપનીઓ, નાના અને મોટા ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો, શિપિંગ કંપનીઓ, સશસ્ત્ર દળો વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ફેક્ટરીથી લઈને ઑફિસ સુધી, ડિલિવરી અથવા પિકઅપ સેન્ટર જેવા મોબાઇલ સ્થાન સુધી એમ વિવિધ સ્થળો પર કામ કરી શકો છો. ભૂમિકાના આધારે, તમારે સપ્લાય ચેઇનમાં વિવિધ સુવિધાઓની મુલાકાત લેવા માટે નિયમિતપણે મુસાફરી કરવાની પણ જરૂર પડી શકે છે. તમે અઠવાડિયાના ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક કામ કરશો તેવી અપેક્ષા છે.

ઉદ્યોગ સાહસિકતાઃ તમે તમારો પોતાનો સ્વતંત્ર વ્યવસાય પણ શરૂ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ફ્રન્ટલાઈન એનાલિસ્ટ/સુપરવાઈઝર → ઓપરેશન્સ/સપ્લાય ચેઈન મેનેજર → ચીફ સપ્લાય ચેઈન મેનેજર અથવા લોજિસ્ટિક્સ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લોજિસ્ટિક્સ એક્ઝિક્યુટિવ, લોજિસ્ટિક્સ સુપરવાઈઝર, સપ્લાય ચેઈન એસોસિયેટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૨. ડીડીયુ, નડિયાદ
૩. એમ.એસ.યુ. બરોડા, વડોદરા
૪. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૫. ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, રોહતક
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ વેલફેર એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. રાયસોની ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સ, નાગપુર
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. સી.એમ.જે. યુનિવર્સિટી, મેઘાલય
૪. શર્નબસ્વા યુનિવર્સિટી, ગુલબર્ગા
૫. આર્કેડ બિઝનેસ કોલેજ, પટના
૬. ઓક્સબ્રિજ બિઝનેસ સ્કૂલ - બેંગ્લોર
૭. પીડીઈયુ, ગાંધીનગર
૮. નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ એક્સેલન્સ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ચૈતાલી મહેતા** ઈ.કે.એફ. ગ્લોબલ લોજિસ્ટિક્સના નિયામક છે. તેઓ ત્રીજી પેઢીના કસ્ટમ બ્રોકર અને બીજી પેઢીના ફ્રેટ ફોરવર્ડર છે. તેણીએ એચ.આર. કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ, મુંબઈમાંથી ટ્રાવેલ અને ટુરીઝમમાં બી.કોમ.ની પદવી મેળવી છે.*

સ્રોતઃ https://www.curafluence.com/chaitaly-mehta/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.